# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૬/૧૨/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

## સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮ દરમિયાન 'નો યોર ડાયમંડ્સ', 'હાર્ટસ એન્ડ એરોજ' અને 'ઇન્ડીયન કેરેટ' વિષય પર સેમિનાર અને 'સ્ટોર ટુ મલ્ટીસ્ટોર' વિષય ઉપર પેનલ ડિસ્કશન યોજાઇ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા જેમ એન્ડ જવેલરી પ્રદર્શન 'સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮' દરમિયાન આજરોજ 'નો યોર ડાયમંડ્સ', 'હાર્ટસ એન્ડ એરોજ' અને 'ઇન્ડીયન કેરેટ' વિષય પર સેમિનાર યોજાયા હતા. જયારે 'સ્ટોર ટુ મલ્ટીસ્ટોર' વિષય ઉપર પેનલ ડિસ્કશન યોજાઇ હતી.

આજે સવારે ૧૦:૩૦ કલાકે 'નો યોર ડાયમંડ્સ' વિષય ઉપર યોજાયેલા સેમીનારમાં જીઆઇએના ઇન્સ્ટ્રકટર શ્રી વિજય પરમારે જણાવ્યુ હતુ કે, હીરા કાર્બનથી બનેલા હોય છે પણ ૯૯.૯૫ ટકા શુદ્ધ હોય છે. લોકોમાં એવી ગેરમાન્યતા છે કે ડાયમંડ તુટતો નથી પણ હકીકતમાં એવુ નથી. ડાયમંડ તુટી શકે છે પણ તેની ઉપર સ્ક્રેચ પડતા નથી. વિશ્વમાં ડાયમંડ, કલર સ્ટોન અને મોતીનું અલગ બજાર છે. ડાયમંડ પણ એક રત્ન જ છે. બસ તેની કિંમત અલગ છે અને પ્રોપર્ટી અલગ છે. ડાયમંડ પણ જેમ એન્ડ જવેલરીનો જ એક ભાગ છે. ઓસ્ટ્રેલીયામાં સૌથી મોટી માઇન છે, જયાંથી ડાયમંડ પ્રાપ્ત થાય છે. કેનેડામાં પણ વાતાવરણને કારણે ત્રણથી ચાર માઇનીંગ થાય છે. ડાયમંડનો કલર, કેરેટ અને કલેરીટી કુદરતી હોય છે. મનુષ્ય માત્ર તેને કટ જ કરી શકે છે.

સવારે ૧૧:૩૦ કલાકે 'સ્ટોર ટુ મલ્ટીસ્ટોર' વિષય ઉપર યોજાયેલી પેનલ ડિસ્કશનમાં બેંગ્લોરના સ્પાર્કલ માઇન્ડસ ફ્રેન્ચાઇઝી બજારના શ્રી અમિત નાહર, રાજકોટની એમીપ્રો ટેકનોલોજીસના ડાયરેકટર શ્રી દિલીપ જીવાની, મુંબઇની સિન્કોરો વેન્ચુર્સ પ્રાઇવેટ લિમિટેડના ડાયરેકટર શ્રી કશ્યપ પંડયા, રોસેટા ડાયમંડ જવેલરીના ઓનર શ્રી રાજુ મોરડીયા અને સુરતની રાઇસીન – પાર્વતી ફેબ્રિકસ લિમિટેડના ડાયરેકટર શ્રી વિકાસ પચેરીવાલ જોડાયા હતા. શ્રી અમિત નાહરે જણાવ્યુ હતુ કે, કોઇપણ પ્રોડકટ માટે સ્ટોર કરવું ઇઝી છે. પણ જયાં સુધી કેપીટલ નહીં હોય ત્યાં સુધી બીજું સ્ટોર કરવું અઘરુ બની જાય છે. એમાં પણ સિસ્ટમ અને બ્રાન્ડીગ મહત્વની ભુમિકા ભજવે છે. જો પ્રોડકટની બ્રાન્ડીગ હોય તો એક સ્ટોરની ફ્રેન્ચાઇઝી કરી શકાય છે.

શ્રી કશ્યપ પંડયાએ જણાવ્યુ હતુ કે, સિન્ગલ સ્ટોરમાંથી મલ્ટીસ્ટોરમાં જવા માટે પ્રોડકટની બ્રાન્ડીગ જરૂરી છે. એના માટે તમારો અનુભવ અને ગ્રાહકનો તમારા ઉપરનો ભરોસો હોય તો તમે મલ્ટીસ્ટોરની હિંમત કરી શકો છો. શ્રી દિલીપ જીવાનીએ જણાવ્યુ હતુ કે, ઓફલાઇન સ્ટોર કન્ટીન્યુ જ છે. ઓફલાઇનમાંથી ઓનલાઇન હજી પુરેપુરા થયા નથી. જવેલરીમાં ફિઝીકલી ટચ કર્યા વગર કોઇ ડાયમંડ ખરીદતા નથી. પણ જવેલરી ઇન્ડસ્ટ્રી પણ ધીરે ધીરે ઇ–કોમર્સમાં આવી રહી છે. કારક કે ઓફલાઇનમાં સ્ટોર નાંખવા માટે ખર્ચ વધારે થાય છે. જવેલરી માટે ઓનલાઇન સિસ્ટમમાં લોકોને ચોઇસ મળવી જોઇએ એટલા માટે નંબર ઓફ ડીઝાઇન વધારે હોવી જોઇએ. જવેલરી ઇન્ડસ્ટ્રીમાં રીટેલર અને હોલસેલની ઇન્કવાયરી આવી રહી છે.

શ્રી વિકાસ પચેરીવાલે જણાવ્યુ હતુ કે, સમયની સાથે ચાલશો તો જ ગેઇન કરી શકશો. ભારતમાં સુરતમાંથી એકપણ બ્રાન્ડ ડેવલપ થઇ નથી. બ્રાન્ડમાં લોકોને કમ્ફર્ટેબલ વેર અને કવોલિટી લોકોને જોઇએ. ધીમે ધીમે માર્કેટ મેન્યુફેકચર ટુ કન્ઝયુમર થઇ જશે. શ્રી રાજુ મોરડીયાએ જણાવ્યુ હતુ કે, ડાયમંડ સદા કે લીયેને બદલે અમે ડાયમંડ સબકે લીયે ધોરણ બનાવીને ચાલીએ છે. અમારે દરેક ઘર સુધી પહોંચવુ હતુ એના માટે રિસર્ચ કર્યુ. લોકોને ઓછામાં ઓછી કિંમતે હીરા આપવાના હતા એટલે અમે બે વર્ષમાં દેશભરમાં ૫૦૦ ફ્રેન્ચાઇઝી નાંખી શકયા.

બપોરે ૧ર:૩૦ કલાકે 'હાર્ટસ એન્ડ એરોજ' વિષય ઉપર યોજાયેલા સેમીનારમાં આઇજીઆઇના સિનીયર ઇન્સ્ટ્રકટર શ્રી ભાવિન પટેલે જણાવ્યુ હતુ કે, ડાયમંડમાં આઠ જેટલા પરફેકટ હાર્ટ અને એરોજ હોય છે. ડાયમંડમાં એન્ગલ્સ એન્ડ સિમેટ્રી મહત્વના ભાગ છે. તેમણે કુશન કટ્સ અને પવેલીયન પેસેજ વિશે સમજણ આપી હતી.

બપોરે ર:૦૦ કલાકે 'ધી એડવાન્ટેજીસ ઓફ ઇન્ડીયન કેરેટ' વિષય પર યોજાયેલા સેમીનારમાં નવી દિલ્હીની ઇન્ટરનેશનલ જેમોલોજીકલ ઇન્સ્ટીટયુટના ચીફ જેમોલોજીસ્ટ શ્રી આશિષ કાલરાએ વકતવ્ય રજૂ કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં સામાન્યપણે વન ટુ વન રિલેશનશીપમાં જ બિઝનેસ થાય છે. વિશ્વભરમાં આવી રીતે જ બિઝનેસ થઇ રહયો છે પણ તેમની ઇન્સ્ટીટયુટે ઇન્ડીયન કેરેટ નામની વેબસાઇટ ડેવલપ કરી છે. આ વેબસાઇટ પર દરેક પ્રકારના ડાયમંડ મળી રહેશે. ડાયમંડ ખરીદનારાઓનો વેબસાઇટ થકી સીધો જ વેન્ડરો સાથે સંપર્ક થશે. વેબસાઇટ ઉપર ડાયમંડના ભાવ રૂપિયામાં અને ડોલરમાં આપેલા હશે. ટૂંકમાં કહીએ તો ડાયમંડ માટે બાયર્સ અને સેલર સહિતની આખી ડિરેકટરી મળી જશે.